# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૦૧ ૧ ઓક્ટોબર, ૨૦૧૬, શનિવાર ; આસો સુદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પેટ્રોલમાં ૨૮ પૈસાનો ભાવ વધારો જ્યારે ડીઝલમાં ૬ પૈસાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૩૦

આજે મોડીરાત્રે જાહેર કરાયા મુજબ પેટ્રોલના ભાવમાં ૧ લીટરે ૨૮ પૈસાનો ભાવ વધારો કરાયો છે. જ્યારે ડીઝલમાં ૧ લીટરે ૬ પૈસાનો નજીવો ઘટાડો કરાયો છે. સામાન્ય ફેરફારોની અસર મધ્યરાત્રિથી અમલમાં આવશે. આ ઉપરાંત ગુજરાતના સીરામીક ઉદ્યોગો માટે પણ સારા સમાચાર છે. સીરામીક ઉદ્યોગ માટે વપરાશમાં આવતા પીએનજીમાં ૨.૦૭ પૈસાનો ઘટાડો જાહેર કરી મોટી રાહત આપી છે. સીરામીક ઈન્ડસ્ટ્રીઝના એસોસીએશન દ્વારા પીએનજીના ભાવ ઘટાડા માટે રજૂઆત કરાતી હતી જેના પગલે આજે જાહેરાત કરાઈ છે.

### ગેરન્ટેડ ગિફ્ટ કુપન




# હાઈએલર્ટ રહેવા તમામ રાજ્યોને હુકમ

### સરહદી રાજ્યોમાં વધારે તકેદારી રાખવા માટેની સૂચના : દેશમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા : એનએસજી, એનડીઆરએફ, અન્ય સુરક્ષા સંસ્થાઓના વડાઓ સાથે રાજનાથની બેઠક

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્રિય ગૃહમંત્રી



રાજનાથસિંહે આજે દેશમાં ઉભી થયેલી સુરક્ષા પરિસ્થિતિ પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરી હતી. ખાસ કરીને પંજાબ અને જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યોમાં પાકિસ્તાન સાથેની સરહદની સ્થિતિ પર ચર્ચા વિચારણા કરી હતી. હાઈએલર્ટ ઉપર હાલમાં રહેવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આજે યોજાયેલી બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દેવાંગ, કેન્દ્રિય ગૃહ સચિવ રાજીવ મહર્ષી, સુરક્ષા અને ઈન્ટેલિજન્સ સંસ્થાઓના ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

૨૯મી સપ્ટેમ્બરના દિવસે વહેલી પરોઢે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ટેરર લોન્ચ પેડમાં ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા સર્જિકલ હુમલાના અનુસંધાનમાં આ બેઠક યોજાઈ હતી. સર્જિકલ હુમલામાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ભારતે આક્રમક કાર્યવાહી કરીને પોકમાં આવેલા ત્રાસવાદી કેમ્પોને ફૂંકી માર્યા હતા. આ હુમલામાં ૪૦ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ડોવાલ અને અન્ય અધિકારીઓએ ગૃહમંત્રીને કોઈપણ પાકિસ્તાની યોજનાને નિષ્ફળ બનાવવા માટે હાલમાં લેવામાં આવી રહેલા પગલાં અંગે તમામ માહિતી આપી હતી. સરહદ સુરક્ષા દળ અને કેન્દ્રિય પોલીસ સંસ્થાઓ ગૃહ મંત્રાલય હેઠળ કામ કરે છે.

ભારત-પાકિસ્તાન સરહદ ઉપર હાલમાં તેમને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે. સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ)ના ટોચના અધિકારીઓને તમામ ઔદ્યોગિક યુનિટો, એરપોર્ટ અન્ય એવા સ્થળ ઉપર સુરક્ષા વધારવા માટે સૂચના આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ફરીથી મોદી લહેર જોવા મળે તેવી શક્યતા

### પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાની જનઈચ્છા પુરી કરાઈ છે : મોદી કોઈની પણ સામે ઝુકતા નથી તે બાબત ઉભરી

નવી દિલ્હી,તા. ૩૦

જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં સેનાના યુનિટ પર કરવામાં આવેલા હુમલા બાદ ભારતીય સેના તરફથી કરવામાં આવેલા સર્જિકલ હુમલા બાદ ફરી એકવાર નરેન્દ્ર મોદી લહેર દેશમાં જોવા મળી શકે છે. દેશમાં રાજકીય નિષ્ણાંતો અને પંડિત માને છે કે સ્થિતી બદલાઈ શકે છે. હાલમાં મોદી સરકારની ચારેબાજુ ટિકા થઈ રહી હતી.



પરંતુ સર્જિકલ હુમલા કરવામાં આવ્યા બાદ સ્થિતી બદલાઈ ગઈ છે, જાણકાર લોકોનુ કહેવુ છે કે વર્ષ ૨૦૧૪ની ચૂટણીમાં જે પ્રકારની લહેર જોવા મળી હતી. તેવી લહેર ફરી એકવાર જેવા મળી રહી છે. વર્ષ ૨૦૧૪માં મોદી લહેરના કારણે ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી. હવે ફરીએકવાર ભાજપને આનો ફાયદો થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર






# રાજ્યભરમાં સાવચેતીના પગલાં

### અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગ અને કોમ્બીંગ વધુ તીવ્ર બન્યું : પોકમાં સેનાના સર્જિકલ હુમલા બાદ સાવચેતીના તમામ પગલાં : રેલવે સ્ટેશન અને એરપોર્ટ ખાતે મજબૂત સુરક્ષા

અમદાવાદ, તા.૩૦

ઉરીમાં આર્મી કેમ્પ ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ અમદાવાદ શહેરમાં સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. સુરક્ષાના ભાગરૂપે પેટ્રોલીંગ અને કોમ્બીંગની પ્રક્રિયા વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. પાકિસ્તાન સાથેની સરહદ ધરાવતા રાજ્યોમાં સાવચેતી રાખવાના આદેશ મળ્યા બાદ તમામ પગલાં લેવાઈ રહ્યા છે. તકેદારી વધારવા માટે જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતને સૂચના આપવામાં આવી હતી. બીએસએફના તમામ જવાનો પણ આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગોઠવાયેલા છે. અમદાવાદ વિમાની મથક, અમદાવાદ રેલવે સ્ટેશન સહિત ભરચક રહેતા વિસ્તારો, શોપીંગ મોલ ખાતે તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. શહેરના મોટા વિસ્તારોમાં ટ્રાફિક સિગ્નલો મુકીને પણ ચકાસણી કરવામાં આવી રહી છે. કેટલાક રસ્તા ઉપર બેરીકેડ મુકીને ચકાસણી કરવામાં આવી રહી છે. વાહનોની ઉંડી ચકાસણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને વિમાની મથક અને રેલવે સ્ટેશન ઉપર તકેદારી વધારવામાં આવી છે. એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી સંભાળનાર અધિકારીઓને પણ વિશેષ સૂચના આપવામાં આવી છે. તમામ ઈન્ડસ્ટ્રીયલ યુનિટો, એરપોર્ટ અને અન્ય સ્થળો ઉપર તકેદારી રાખવા માટે કહેવામાં આવ્યું છે. નવા આદેશ જારી કરવામાં આવ્યા બાદ પોલીસ પણ એલર્ટ ઉપર છે. તમામ સુરક્ષા સંસ્થાઓ દ્વારા સાવચેતીના પગલાં લેવાઈ રહ્યા છે.

















